કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત ધોરણ-૧૦ પછીના

# ડિપ્લોમા ઇન એનીમલ હસબન્ડરી

અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની

# માહિતી પુસ્તિકા

## શૈક્ષણિક વર્ષ: ૨૦૨૪-૨૫

## કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

આ માહિતી પુસ્તિકા નીચે દર્શાવેલ વેબસાઈટ ઉપરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

એડમીશન પોર્ટલ: https://www.kamdhenuuniversity.net

# કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર

## : પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ :

- તમામ પોલિટેકનિકમાં પ્રવેશ માટે માત્ર એક જ ફોર્મ ભરવાનું રહેશે.
- પ્રવેશ ફોર્મ ભરતાં પહેલાં ઉમેદવારોએ માહિતી પુસ્તિકા ૨૦૨૪–૨૫ બરાબર વાંચ્યા બાદ જ અરજી કરવાની રહેશે.
- જયારે પણ યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ્દ થશે અને ફી જપ્ત થશે તથા જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થું કે અન્ય કોઈપણ પ્રકારનો ખર્ચ ચુકવવામાં આવશે નહીં.
- આ માહિતી પુસ્તિકામાં આપેલ માહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહી.
- પ્રવેશ માહિતી પુસ્તિકા https://www.kamdhenuuniversity.net તથા www.kamdhenuuni.edu.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

| :સંપર્ક: | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **યુનિવર્સિટી** | **હોદ્દો** | **ફોન નંબર/ઈ–મેઈલ** |
| **૧** | **કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર** | **મદદનીશ કુલસચિવ (એકેડેમિક)** | **૦૭૯-૨૩૨૨૦૭૧૬**<br>**aracad@kamdhenuuni.edu.in** |
| **કચેરી સમય દરમ્યાન સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૧૦ સુધી સંપર્ક કરવો (રવિવાર, બીજો – ચોથો શનિવાર અને જાહેર રજાના દિવસો સિવાય) રિસેસ સમય: બપોરે ૦૨:૦૦ થી ૨:૩૦ સુધી.** | | | |
| **:સરનામું:**<br>**કામધેનુ યુનિવર્સિટી, કર્મયોગી ભવન, બ્લોક –૧, વિંગ–બી૧, ચોથો માળ, સેકટર –૧૦(એ), ગાંધીનગર – ૩૮૨૦૧૦.** | | | |

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧ | ડિપ્લોમા ઇન એનીમલ હસબન્ડરી અભ્યાસક્રમ ચલાવતી પોલિટેકનિકોની યાદી | ૦૧ |
| ૨ | પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર | ૦૨ |
| ૩ | પ્રવેશ ક્ષમતા | ૦૩ |
| ૪ | પ્રવેશ લાયકાત | ૦૩ |
| ૫ | અનામત બેઠકો અને પાત્રતા | ૦૫ |
| ૬ | મેરીટ લિસ્ટ | ૦૯ |
| ૭ | પોલિટેકનિક ખાતે હાજર થવું | ૧૦ |
| ૮ | ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો | ૧૧ |
| ૯ | ફી માળખું | ૧૨ |
| ૧૦ | ફી જપ્તી અને પ્રવેશ યાદીમાંથી નામ રદ થવું | ૧૫ |
| ૧૧ | અભ્યાસક્રમની સામાન્ય માહિતી | ૧૫ |
| ૧૨ | પ્રવેશ અરજીફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા | ૧૫ |
| ૧૩ | એન્ટિ રેગીંગ | ૧૭ |
| ૧૪ | વિદ્યાર્થીનીઓને થતી હેરાનગતી બાબત | ૧૭ |
| ૧૫ | યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ (ફરીયાદ નિવારણ) સેલ | ૧૭ |
| ૧૬ | ડિસ્કલેમર | ૧૮ |
| ૧૭ | શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના પોલિટેકનિક મુજબ કેટેગરી પ્રમાણેના કટ ઓફ મેરીટ | ૧૯ |
| ૧૮ | **Annexure-KH**, પરિશિષ્ટ-ગ અને પરિશિષ્ટ-ક | ૨૦-૨૨ |

| ૧. | પશુપાલન પોલિટેકનિકો યાદી: | | |
|---|---|---|---|
| ક્રમ | પોલિટેકનિક | દરજ્જો | ફોન નંબર અને ઇ-મેઇલ |
| ૧ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ. રાજપુર (નવા) કેમ્પસ, હિંમતનગર,<br>જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | અંગભૂત | (મો.) ૭૫૭૩૦૩૫૧૧૧<br>principalpolyhmt@kamdhenuuni.edu.in |
| ૨ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ,<br>ઈવનગર રોડ, ગાંધીગ્રામ, જૂનાગઢ-૩૬૨૦૦૧ | અંગભૂત | (ઓ.) ૦૨૮૫-૨૬૭૫૦૮૮<br>principalpolyjnd@kamdhenuuni.edu.in |
| 3 | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી કેમ્પસ, નવસારી-૩૯૬૪૫૦ | અંગભૂત | (ઓ.) ૦૨૬૩૭-૨૯૧૯૨૪<br>(મો.) ૯૪૨૮૪૮૮૨૨૪<br>principalpolynvs@kamdhenuuni.edu.in |
| ૪ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી કેમ્પસ,<br>સરદારકૃષિનગર, દાંતીવાડા, જી.બનાસકાંઠા-૩૮૫૫૦૬ | અંગભૂત | (ઓ.) ૦૨૭૪૮-૨૭૮૪૧૨<br>principalpolyskn@kamdhenuuni.edu.in |
| ૫ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.ખડસલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી-૩૬૪૫૩૦ | સંલગ્ન* | (મો.) ૯૧૦૬૨૨૦૭૨૬ (મો.) ૮૭૯૯૫૦૬૮૨૧<br>principalpolykhadasali@kamdhenuuni.edu.in |
| ૬ | રિધ્ધિ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મોતીપુરા, હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૦૧ | સંલગ્ન* | (ઓ.) ૦૨૭૭૨-૨૨૯૯૭૨ (મો.) ૯૫૧૦૪૯૨૯૬૭<br>principalpolyriddhi@kamdhenuuni.edu.in |
| ૭ | કેશવમ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.છાપી, તા.ઈડર, જી.સાબરકાંઠા-૩૮૩૨૩૦ | સંલગ્ન* | (મો.) ૯૭૨૩૮૮૦૩૭૨ (મો.) ૯૭૭૩૨૬૬૭૩૬<br>principalpolykeshvam@kamdhenuuni.edu.in |
| ૮ | વૃંદાવન પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ખાનપર રોડ, બાયપાસ, મુ.જસદણ,<br>જી.રાજકોટ-૩૬૦૦૫૦ | સંલગ્ન* | (મો.) ૯૭૨૭૧૨૫૪૯૨ (મો.) ૯૪૨૮૨૬૫૨૩૦<br>principalpolyvrundavan@kamdhenuuni.edu.in |
| ૯ | નવસર્જન પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ. રણછોડપુરા, પો. દેવપુરા, હિંમતનગર-વિજાપુર હાઈવે,<br>તા. વિજાપુર, જી. મહેસાણા-૩૮૨૮૭૦ | સંલગ્ન* | (મો.) ૯૪૦૮૨૨૯૧૫૨<br>(મો.) ૯૬૨૪૪૯૬૧૭૦<br>principalpolynavsarjan@kamdhenuuni.edu.in |
| ૧૦ | જી.વી.એમ. પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.વાંટાવછોડા, તા. શહેરા, જી.પંચમહાલ-૩૮૯૨૧૦ | સંલગ્ન* | (ઓ.) ૦૨૬૭૦-૨૯૬૦૧૬<br>(મો.) ૯૯૭૪૩૪૯૭૪૧, ૯૯૨૫૮૮૪૯૧૬<br>principalpolygvm@kamdhenuuni.edu.in |
| ૧૧ | નોબલ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ભેસાણ રોડ, બામણગામની બાજુમાં, વાયા-વડાલ,<br>તા.જી.જૂનાગઢ-૩૬૨૩૧૦ | સંલગ્ન* | (ઓ.) (૦૨૮૫) ૨૬૮૦૨૩૩-૪૪-૫૫-૬૬-૭૭<br>(મો.) ૯૯૦૪૮૧૩૪૦૭ (મો.) ૭૬૯૮૭૧૩૫૪૬<br>principalpolynoble@kamdhenuuni.edu.in |
| ૧૨ | ભરતીઆ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેનીંગ પાર્ક સામે, ઘોડદોડ રોડ,<br>સુરત-૩૯૫૦૦૭ | સંલગ્ન* | (ઓ.) ૦૨૬૧-૨૬૬૫૭૧૦<br>(મો.) ૯૩૭૫૭૬૩૦૩૮<br>principalpolybharatia@kamdhenuuni.edu.in |

*તમામ સંલગ્ન પોલિટેકનિકના વર્ષ ૨૦૨૪-૨૫ના કામચલાઉ પુન:જોડાણ માટેની માન્યતાની શરતે
(અદ્યતન માહિતી યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવશે.)

| ૨. | પ્રવેશ માટેના હેલ્પ સેન્ટર: | |
|---|---|---|
| **ક્રમ** | **પોલિટેકનિક** | **સંપર્ક** |
| ૧ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.રાજપુર (નવા), હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૧૦ | ૭૫૭૩૦૩૫૧૧૧ |
| ૨ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી, જૂનાગઢ | ૦૨૮૫-૨૬૭૫૦૮૮ |
| ૩ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી, નવસારી | ૦૨૬૩૭-૨૯૧૯૨૪<br>૯૪૨૮૪૮૮૨૨૪ |
| ૪ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>સરદારકૃષિનગર, દાંતીવાડા, જી.બનાસકાંઠા | ૦૨૭૪૮-૨૭૮૪૧૨ |
| ૫ | પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.ખડસલી, તા.સાવરકુંડલા, જી.અમરેલી-૩૬૪૫૩૦ | ૯૧૦૬૨૨૦૭૨૬,<br>૮૭૯૯૫૦૬૮૨૧ |
| ૬ | રિધ્ધિ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મોતીપુરા, હિંમતનગર, જી.સાબરકાંઠા-૩૮૩૦૦૧ | ૦૨૭૭૨-૨૨૯૯૭૨<br>૯૫૧૦૪૯૨૯૬૭ |
| ૭ | કેશવમ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.છાપી, તા.ઇડર, જી.સાબરકાંઠા-૩૮૩૨૩૦ | ૯૭૭૩૨૬૬૭૩૬<br>૯૭૨૩૮૮૦૩૭૨ |
| ૮ | વૃંદાવન પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ખાનપર રોડ, બાયપાસ, જસદણ, જી.રાજકોટ-૩૬૦૦૫૦ | ૯૭૨૭૧૨૫૪૯૨<br>૯૪૨૮૨૬૫૨૩૦ |
| ૯ | જી.વી.એમ. પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.વાંટાવછોડા, તા.શહેરા, જી.પંચમહાલ-૩૮૯૨૧૦ | ૦૨૬૭૦-૨૯૬૦૧૬<br>૯૯૭૪૩૪૯૭૪૧,<br>૯૯૨૫૮૮૪૯૧૬ |
| ૧૦ | નવસર્જન પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>મુ.રણછોડપુરા, પો.દેવપુરા, તા.વિજાપુર, જી.મહેસાણા-૩૮૨૮૭૦ | ૯૪૦૮૨૨૯૧૫૨<br>૯૬૨૪૪૯૬૧૭૦ |
| ૧૧ | નોબલ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ભેસાણ રોડ, બામણગામની બાજુમાં, વાયા વડાલ,<br>તા.જી.જૂનાગઢ-૩૬૨૩૧૦ | (૦૨૮૫)૨૬૮૦૨૩૩-૪૪-૫૫-૬૬-૭૭<br>૯૯૦૪૮૧૩૪૦૩,<br>૭૬૯૮૭૧૩૫૪૬ |
| ૧૨ | ભરતીઆ પોલિટેકનિક ઈન એનીમલ હસ્બન્ડરી,<br>ચિલ્ડ્રન ટ્રાફિક ટ્રેનીંગ પાર્ક સામે, ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૭ | ૦૨૬૧-૨૬૬૫૭૧૦<br>૯૩૭૫૭૬૩૦૩૮ |

**હેલ્પ સેન્ટર તા.૩૦/૦૫/૨૦૨૪ થી તા.૦૬/૦૭/૨૦૨૪ (રજાના દિવસો સિવાય)**
**સવારે ૯:૦૦ થી સાંજે ૧૭:૦૦ વાગ્યા સુધી કાર્યરત રહેશે. (રીસેસ બપોરે ૧૩.૩૦ થી ૧૪.૦૦)**

**પ્રવેશ પ્રક્રિયા સંબંધિત તારીખોમાં ફેરફારને અવકાશ હોઈ છેલ્લામાં છેલ્લી માહિતી માટે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ [https://www.kamdhenuuniversity.net](https://www.kamdhenuuniversity.net) ની મુલાકાત લેતા રહેવું.**

**નોંધ: હેલ્પ સેન્ટરો ખાતે અરજીઓનું ઓનલાઈન ઈ-ચેકિંગ કરવામાં આવશે. ઉમેદવારોએ હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ જવાનું રહેતુ નથી. જો કે હેલ્પ સેન્ટર તરફથી ઉમેદવારને કોઈ સ્પષ્ટતા માટે ફોન/ઇ-મેઈલ થી જાણ કરી બોલાવવામાં આવે તો જ હેલ્પ સેન્ટર ખાતે જવાનું રહેશે.**

| | | | |
|---|---|---|---|
| ૩. | **પ્રવેશ ક્ષમતા:** | | |
| | ૧) | દરેક પોલિટેકનિકમાં મુદ્દા ક્રમ-૧૫ માં દર્શાવેલ બેઠકોની સંખ્યા મુજબ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. | |
| | ૨) | દરેક પોલિટેકનિકમાં ભાઇઓ અને બહેનો બંનેને પ્રવેશ આપવામાં આવે છે. | |
| | ૩) | પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક પારસી જાતિના ઉમેદવારો માટે અનામત (પ.૮) રહેશે. | |
| | ૪) | પ્રવેશ માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડમાંથી પાસ થયેલ વિદ્યાર્થીઓની બેઠકોની વહેંચણી "પ્રો-રાટા" બેઇઝ પર અથવા પોલિટેકનિક અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ ધ્વારા નક્કી કરવામાં આવે તે મુજબ રહેશે. | |
| ૪. | **પ્રવેશ લાયકાત:** | | |
| ૪.૧ | **શૈક્ષણિક લાયકાત:** | | |
| (૧) | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી ધો.૧૦ (SSC)ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઇએ. | | |
| | **(i)** | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB) અથવા | |
| | **(ii)** | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE), કાઉન્સીલ ફોર ધી ઇન્ડીયન સ્કુલ સર્ટિફિકેટ એકઝામીનેશન (CISCE), નવી દિલ્હી, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS), આતંરરાષ્ટ્રીય શાળા બોર્ડ (ISB) તથા મહારાષ્ટ્ર રાજય શિક્ષણ બોર્ડ. | |
| | | **(a)** | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | **(b)** | ઉમેદવાર જે શાળામાં ભણ્યો હોય તે શાળા દિવ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય અને ઉમેદવારના માતા-પિતા ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોવા જોઇએ. |
| | | **(c)** | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર, સોનગઢ, કુકરમુંડા અને ઉચ્છલ તાલુકાનો રહેવાસી હોય અને ધોરણ-૧૦ની પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય તેમજ પ્રવેશ માટેની ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| (૨) | **ઉપરોક્ત ક્રમાંક (૧) મુજબ ઉમેદવારે પરીક્ષા પાસ કરેલ હોય અને** | | |
| | **(i)** | તેના માતા-પિતા નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને | |
| | **(ii)** | તેના માતા-પિતાની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ લીસ્ટમાં કરવામાં આવશે. | |
| | | નોકરીની કેટેગરી | |
| | | **(a)** | કેન્દ્ર સરકારના અધિકારી/કર્મચારી અથવા |
| | | **(b)** | કેન્દ્ર સરકારના અને રાજય સરકારના જાહેર સાહસોના અધિકારી/કર્મચારી અથવા |
| | | **(c)** | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી/કર્મચારી અથવા |
| | | **(d)** | ગુજરાત રાજયમાં આવેલ UNO/ UNICEF/ WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી/ કર્મચારી અથવા |

| | | | |
|---|---|---|---|
| | | (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય વન સેવાના અધિકારી/કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે અથવા |
| | | (f) | ગુજરાત રાજય સરકારના અધિકારી/કર્મચારી કે જેઓ વહિવટી કારણોસર ગુજરાત રાજ્ય બહાર ફરજ બજાવે છે. |
| (૩) | જે ઉમેદવારે | | |
| | (i) | ગુજરાત રાજયમાં આવેલી કોઇપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૮ સુધી અભ્યાસ કરેલ હોય અને | |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજયમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય અને | |
| | (iii) | ગુજરાત રાજ્ય સિવાયના રાજયમાં આવેલ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ ૧૦ની પરીક્ષા પાસે કરેલ હોય. | |
| | **નોંધ**: "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૧૯૮૫-૮૬ દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | | |

## ૪.૨ પ્રવેશ માટે જરૂરી લાયકાત:

પોલિટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ-૧૦)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત (સ્ટાન્ડર્ડ અથવા બેઝીક), વિજ્ઞાન/વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન/સમાજવિદ્યા અને અંગ્રેજી (ફરજિયાત) વિષયોના ગુણના ઓછામાં-ઓછા (કૃપાગુણ સિવાયના) નીચેના ટેબલમાં દર્શાવ્યા પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઇએ.

| ક્રમ | વિગત | પાંચ વિષયના ટકા** |
|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિના અરજદારો માટે (SC) | ૩૩% |
| ૨ | અનુસૂચિત જનજાતિના અરજદારો માટે (ST) | ૩૩% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના અરજદારો માટે (SEBC) | ૪૦% |
| ૪ | અન્ય તમામ ઉમેદવારો કે જે નિયમોનુસાર પ્રવેશપાત્ર ગણાતા હોય | ૪૦% |

**ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત (સ્ટાન્ડર્ડ અથવા બેઝીક), વિજ્ઞાન/વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન/સમાજવિદ્યા અને અંગ્રેજી વિષય.

## ૪.3 વધારાના ભારાંક:

રમત-ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને નીચે મુજબ વધારાના ભારાંક આપવામાં આવે છે.

| ક્રમ | વિગત | ભારાંક |
|---|---|---|
| (i) | **આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલા હોય તો** | ૭.૦% |
| (ii) | **રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા :** | |
| | (i) રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૫.૦% |

| | | | |
|---|---|---|---|
| | | (ii) રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૩.૦% |
| | | (iii) રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૨.૦% |
| | | (iv) રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | ૧.૦% |
| | **(iii)** | <u>રાજય સ્તરની સ્પર્ધા :</u> | |
| | | (i) રાજય સ્તરની સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | ૧.૦% |
| | | (ii) રાજય સ્તરની સ્પર્ધામાં દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | ૦.૫% |
| | **નોંધ:** અરજદારને યુનિવર્સિટીમાં તેના અભ્યાસકાળ દરમ્યાન મહત્તમ એક જ વખત આ લાભ મળશે. | | |
| **૪.૪** | **પૂરક પરીક્ષા:** | | |
| | જે ઉમેદવારે SSC (ધોરણ ૧૦)ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલા પૂરક પરીક્ષા ઓનલાઇન ફ્રોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરી હશે તેઓ ઓનલાઇન અરજી કરી શકશે. | | |
| **૪.૫** | **ગુણ સુધારણા:** | | |
| | ઉમેદવારના ગુણમાં રિચેકિંગ દરમ્યાન ફેરફાર થયો હોય તો, તેમણે તે મતલબનો સંબંધિત અધિકારીનો પત્ર અથવા માર્કશીટ તેમને મળ્યેથી તુરત જ પોતાની રીતે યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે. ફાઈનલ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ ગુણ સુધારણા અંગેની કોઈ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહી. આ ઉપરાંત અદ્યતન માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઇટ જોતા રહેવી. | | |
| **૪.૬** | **ઉંમર:** | | |
| | પોલિટેકનિક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારની ઉંમર ચાલુ વર્ષ (૨૦૨૪)ની ૩૧મી ડીસેમ્બરના રોજ ૧૫ વર્ષ હોવી જોઇએ. | | |
| **૫** | **અનામત બેઠકો અને પાત્રતા:** | | |
| ૫.૧ | જુદી જુદી કેટેગરી માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજય સરકાર ધ્વારા વખતો વખત નક્કી થયા મુજબનું રહેશે. હાલ પ્રવેશ માટે મૂળ ગુજરાત રાજયના નીચેની કેટેગરીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે તેની સામે દર્શાવેલ ટકાવારી મુજબ બેઠકો અનામત રહેશે. | | |

| ક્રમ | કેટેગરી | અનામત બેઠકો (%) | નોંધ |
|---|---|---|---|
| ૧ | અનુસૂચિત જાતિ (SC) | ૦૭ | આ જાતિઓની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઇ શકશે |
| ૨ | અનુસૂચિત જનજાતિ (ST) | ૧૫ | |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને "ક્રિમીલેયર ગ્રુપમાં સમાવિષ્ટ થતાં નથી" તેવા ઉમેદવારો (SEBC) | ૨૭ | ગુજરાત સરકાર દ્વારા માન્ય જાતિઓને લાગુ પડશે |
| ૪ | દિવ્યાંગજન ઉમેદવારો (PWD) | ૦૫ | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે |

| | | | | |
|---|---|---|---|---|
| | ૫ | સેનાના કર્મચારી (Defence Personnel)ના/સેના નિવૃત કર્મચારી (Ex-Army)ના સંતાનો | ૦૧ | ---- |
| | ૬ | પારસી જાતિના ઉમેદવારો | ૦૧ | વધારાની બેઠક |
| | ૭ | બિન અનામત ક્ક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (EWS) | ૧૦ | ગુજરાત રાજય સરકારના ઠરાવ મુજબ |
| | **યુનિવર્સિટી દ્વારા આ નિયમોમાં દર્શાવેલ ટકાવારી કરતાં વધારાના ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે નહીં કે તેની લાયકાતમાં છૂટછાટ આપી શકાશે નહીં.** | | | |
| ૫.૨ | **અનામત બેઠકો માટે સામાન્ય શરતો:** | | | |
| | ૧) | અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે જે-તે પછાતવર્ગનું/ કેટેગરીનું સક્ષમ અધિકારીના સહી સિક્કાવાળુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. | | |
| | ૨) | જો કોઇ ઉમેદવાર અનામત બેઠક પર પ્રવેશ માટે જરૂરી જાતિ /કેટેગરી અંગેનું અસલ પ્રમાણપત્ર હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી (ઇ-ચેકિંગ) સમયે અને પોલિટેકનિક ખાતે રીપોર્ટીંગ/રજીસ્ટ્રેશન સમયે ખરાઇ કરતા ખોટું માલુમ પડશે, તો તેવા ઉમેદવારને અનામત કેટેગરીમાં પ્રવેશ મળી શકશે નહીં અને જો પ્રવેશ મળી ગયો હશે તો જે-તે સમયે રદ કરવામાં આવશે. | | |
| | 3) | જો કોઇ અનામત કેટેગરીનો ઉમેદવાર તેના મેરીટના ધોરણે તેની પસંદગીની જગ્યાએ બિનઅનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતો હોય તો તેને બિનઅનામત કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ તેણે/તેણીએ બિનઅનામત કેટેગરીની તમામ લાયકાત પૂર્ણ કરવાની રહેશે. | | |
| | ૪) | અનામત કેટેગરી અથવા અન્ય કોઇપણ પ્રકારનો લાભ મેળવતા ઉમેદવારને ઓછામાં ઓછી લાયકાતમાં એક કરતા વધારે પ્રકારની છૂટછાટ મળી શકશે નહીં. | | |
| | ૫) | અનામત કેટેગરીના યોગ્યતા ધરાવતા તમામ ઉમેદવારોને જે-તે કેટેગરીમાં પ્રવેશ આપ્યા બાદ અનામત બેઠકો ખાલી રહે તો (પારસી જાતિની બેઠકો સિવાયની) ખાલી બેઠકો બિનઅનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે. | | |
| ૫.3 | **અનુસૂચિત જાતિ /અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:** | | | |
| | ૧) | આ બંને જાતિના ગ્રુપ માટે કુલ ૨૨% બેઠકો અનામત રહેશે. જે પૈકીની ૭% બેઠકો અનુસૂચિત જાતિના ઉમેદવારો માટે અને બાકીની ૧૫% બેઠકો અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે. | | |
| | ૨) | આ બંને વર્ગની કોઇપણ એક કેટેગરીમાં અનામત બેઠક કરતાં ઓછા ઉમેદવાર હોય તો બીજી કેટેગરીની અનામત બેઠકમાં તબદીલ થશે. અર્થાત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બેઠકો એકબીજામાં તબદીલ થઇ શકશે. તેમ છતાં, જો કોઇ બેઠકો ખાલી રહેતી હોય તો તે તેને બિનઅનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે. | | |

| | | |
|---|---|---|
| **૫.૪** | **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત બેઠકો:** | |
| | ૧) | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે. જે નીચેની શરતોને આધીન છે. |
| | ૨) | સા.શૈ.પ.વ. ના ઉમેદવારે "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી" તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન-ક્રિમીલેયર સર્ટિફિકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર માન્ય મુદતનું હોવું જોઇએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. (ગુજરાત રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તારીખ ૨૬/૦૪/૨૦૧૬ જોગવાઇ મુજબ) |
| | 3) | સા.શૈ.પ.વ.ના જે ઉમેદવાર મેરીટના ધોરણે બિનઅનામત કેટેગરીમાં પ્રવેશ મળ્યો હશે તેનો સમાવેશ અનામત બેઠક પર કરવાનો રહેશે નહી. |
| | ૪) | જો પ્રવેશપત્ર વેરિફિકેશન વખતે જાતિનું પ્રમાણપત્ર અને નોન-ક્રિમીલેયરનું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ થશે. |
| **૫.૫** | **બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો: (સુપરન્યુમેરીરી બેઠકો)** | |
| | ૧) | બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને કામધેનુ યુનિવર્સિટીમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક: ઇ. ડબલ્યુ. એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૩/૦૧/૨૦૧૯ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ટ-ગ અથવા Annexure-KH મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. આ માટેની વિસ્તૃત માહિતી https://sje.gujarat.gov.in/downloads/gr_25012019_a_n.pdf ઉપરથી મેળવી શકાશે. વધુમાં, ઉકત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે. ઉમેદવારે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ.એસ./૧૦૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૨૬/૦૬/૨૦૨૦ મુજબ માન્ય મુદ્દતનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આ પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો અનામત કેટેગરી પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહી. જો આવા ઉમેદવારે પ્રવેશ મેળવેલ હશે તો તે તાત્કાલિક અસરથી રદ્દ થશે. |
| **૫.૬** | **દિવ્યાંગજન ઉમેદવારો માટે અનામત બેઠકો:** | |
| | ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જે-તે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે. | |
| | ૧) | આ બેઠકો પર ઓર્થોપેડિક, દ્રષ્ટિ અને શ્રવણની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો પ્રવેશ માટે અરજી કરી શકશે. |
| | ૨) | એક પગ અને હાથ (Partial) ની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો તેમની બેઠકો પર પ્રવેશ મેળવવા માટે અરજી કરી શકશે. જોકે આવા દિવ્યાંગજન ઉમેદવારે તે પોતે જે- તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગિક કાર્યો/ફીલ્ડવર્ક કરવા માટે સમક્ષ છે, તે મતલબનું જે-તે વિભાગના નિષ્ણાંત ડોકટરોના અભિપ્રાયના આધારે સરકારી હોસ્પીટલના સિવિલ સર્જન/મેડિકલ સુપ્રીટેંડેન્ટ દ્વારા |

| | | |
|---|---|---|
| | | આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. પ્રવેશ દિવ્યાંગજન કેટેગરીના મેરીટના આધારે આપવામાં આવશે. |
| | ૩) | દિવ્યાંગજન ઉમેદવાર તેની કેટેગરી માટે જરૂરી ન્યુનતમ લાયકાત ધરાવતો હોવો જોઇએ. |
| | ૪) | દિવ્યાંગજન કેટેગરીના ઉમેદવારનો પ્રવેશ અંગેનો આખરી નિર્ણય જે-તે કોર્સમાં તે પ્રાયોગિક કાર્ય ફાર્મ પ્રેકટીસ ટ્રેનિંગ વગેરે કરી શકશે કે કેમ તેના આધારે આચાર્ય/પ્રવેશ સમિતિ રૂબરૂમાં લેશે. |
| **૫.૭** | **સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠકો:** | |
| | ૧) | સેનાના કર્મચારી અથવા સેના નિવૃત કર્મચારીના સંતાનો માટે ૧% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. |
| | ૨) | સેના નિવૃત કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફિસરનાં જરૂરી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. સેનામાં ફરજ બજાવતા કર્મચારીઓએ જે યુનિટમાં ફરજ બજાવતા હોય તેના કમાન્ડીંગ ઓફીસરનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | ૩) | ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી એસ.એસ.સી(SSC) પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી /સેના નિવૃત્ત કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઇ બેઠકો ખાલી રહે તો તેના પર ગુજરાત રાજ્યની હદમાં આવેલ અન્ય બોર્ડમાંથી એસ.એસ.સી(SSC)પાસ કરનાર સેનાના કર્મચારી/સેનાનિવૃત કર્મચારીના સંતાનોને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તેના પર બિનઅનામત કેટેગરીના ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે. |
| | ૪) | સેનામાં કાર્યરત કર્મચારીના/સેનાનિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર મૂળ ગુજરાત રાજયનો વતની હોવો જોઇએ અને ધો.૧૦(SSC)ની પરીક્ષા ગુજરાત રાજયમાં સ્થિત શાળામાંથી પાસ કરેલ હોવી જોઇએ. |
| | ૫) | સેનામાં કાર્યરત કર્મચારીના/સેનાનિવૃત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવાર જરૂરી ઓછામાંઓછી લાયકાત ધરાવતો હોવો જોઇએ. |
| | ૬) | સેનાના કર્મચારીઓના/સેનાનિવૃત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે-તે મતલબનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આવું પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારોનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારોને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલીન અસરથી રદ થશે. |
| | ૭) | લડાઇમાં શહીદ થયેલ સેનાના કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે. |

| | | | |
|---|---|---|---|
| | ૮) | લડાઇ લડતા અપંગ થયેલ સેનાના કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે. | |
| | ૯) | સેનાના કર્મચારીઓ/સેનાનિવૃત કર્મચારીને મળેલ પરમવીરચક્ર, અશોકચક્ર, મહાવીરચક્ર, કીર્તીચક્ર, વીરચક્ર, શોર્યચક્ર સેના, નૌસેના, વાયુસેના મંડળ મુજબ પ્રવેશ અંગે પ્રાથમિકતા આપવામાં આવશે. | |
| **૫.૮** | **પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:** | | |
| | ૧) | પારસી જાતિના ઉમેદવારો માટે વધારાની એક બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદીલ થઇ શકશે નહીં. આ બેઠક માટે ગુજરાત રાજ્યના વતની એવા પારસી ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે. ગુજરાત રાજ્યના વતની પારસી ઉમેદવાર ઉપલબ્ધ ન હોવાના કિસ્સામાં આ બેઠક પર અન્ય રાજ્યના પારસી ઉમેદવારને મેરીટ મુજબ પ્રવેશ આપવામાં આવશે. | |
| | ૨) | આ અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિ હોવા અંગેનું સરકારશ્રીના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (દા.ત. જીલ્લા કલેકટર) રજૂ કરવાનું રહેશે. | |
| | 3) | પારસી જાતિ અંગેનું સરકારશ્રીના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અંગે સત્તાધિકારી તરફથી ખાતરી થયેથી પારસી જાતિની અનામત બેઠક પર પ્રવેશ માન્ય રહેશે. ચકાસણીની કાર્યવાહી દરમ્યાન જો પ્રમાણપત્ર અમાન્ય ઠર્યેથી ઉમેદવારનો અનામત બેઠક પરનો પ્રવેશ માટેનો કોઈ હક્ક-દાવો રહેશે નહી અને જો આ બેઠક પર પ્રવેશ આપવામાં આવેલ હશે તો કોઈ પણ તબક્કે તે રદ્દ થવા પાત્ર રહેશે. | |
| **૬** | **મેરીટ લિસ્ટ:** | | |
| | સમયમર્યાદામાં પ્રવેશફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટે નિયત લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોના બે અલગ-અલગ મેરીટ લિસ્ટ નીચેની લાયકાતના આધારે બનાવવામાં આવશે. | | |
| | ૧) | ધોરણ-૧૦ (SSC)ની પરીક્ષામાં ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત (સ્ટાન્ડર્ડ અથવા બેઝીક), વિજ્ઞાન /વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક વિજ્ઞાન /સમાજવિદ્યા અને અંગ્રેજી એમ પાંચ વિષયમાં મેળવેલ ગુણ (કૃપાગુણ સિવાયના) અને વધારાના મળવાપાત્ર ગુણ (જો લાગુ પડતા હોય તો)ના આધારે નીચે પ્રમાણે અલગ–અલગ બે મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે. | |
| | ૨) | (i) | ગુજરાત બોર્ડમાંથી SSC પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઇઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (પ્રથમ મેરીટ લિસ્ટ) |
| | | (ii) | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવા કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE), કાઉન્સીલ ફોર ધી ઇન્ડીયન સ્કુલ સર્ટિફિકેટ એકઝામીનેશન (CISCE), નવી દિલ્લી, નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કુલિંગ (NIOS), આતંરરાષ્ટ્રીય શાળા બોર્ડ (ISB) તથા મહારાષ્ટ્ર રાજય શિક્ષણ બોર્ડમાંથી ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ બનાવવામાં આવશે. (દ્રિતીય મેરીટ લિસ્ટ) |

| | | | |
|---|---|---|---|
| | | **સ્પષ્ટતા:** ઉપરોક્ત ક્રમાંક-(ii) મુજબના બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારો માટેની બેઠકોની વહેંચણી "પ્રો-રેટા" બેઇઝ અથવા પોલિટેકનિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કેન્દ્રિય પ્રવેશ સમિતિ નક્કી કરે તે પ્રમાણે કરવામાં આવશે. | |
| | ૩) | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્કસ એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના ગુણ/વયની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે: | |
| | | **(i)** | જે ઉમેદવારે SSCમાં વિજ્ઞાન/વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | | **(ii)** | જે ઉમેદવારે SSCમાં ગણિત વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | | **(iii)** | જે ઉમેદવારે SSCમાં અંગ્રેજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | | **(iv)** | જે ઉમેદવારની વય વધારે હોય |
| **૭** | **પોલિટેકનિક ખાતે હાજર થવું:** | | |
| | પ્રવેશ માટે પસંદગી પામેલ ઉમેદવારે યુનિવર્સિટીની પ્રવેશ સમિતિ દ્વારા જાહેર કરાયેલ (એડમિશન મેમોમાં જણાવેલ) તારીખ દરમ્યાન જે-તે પોલિટેકનિક ખાતે હાજર થઈ દસ્તાવેજોની ચકાસણી કરાવ્યા બાદ યુનિવર્સિટીના મુખ્ય મથકેથી રજીસ્ટ્રેશન નંબર ફાળવણી કર્યેથી યુનિવર્સિટીના વિદ્યાર્થી બનશે. જેની પ્રક્રિયા નીચે મુજબની છે. | | |
| | ૭.૧ | પ્રવેશ સમયે ફીની રકમ જમા કરાવ્યાની પહોંચ, નીચે દર્શાવેલ અસલ પ્રમાણપત્રો તથા તેની ખરી નકલોના બે સેટ સહિત રૂબરૂમાં જે-તે પોલિટેકનિકના આચાર્ય પાસે ચકાસણી અર્થે સમયમર્યાદામાં રજૂ કરવા અને કોઇપણ વિદ્યાર્થીએ અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરાવ્યા બાદ **<u>પોલિટેકનિક ખાતે અસલ પ્રમાણપત્રો જમા કરાવવાના નથી.</u>** | |
| | | ૧) | SSC ધોરણ-૧૦ની માર્કશીટ. |
| | | ૨) | શાળા છોડયાનું પ્રમાણપત્ર અને શાળાના આચાર્ય દ્વારા આપવામાં આવેલ ટ્રાયલ સર્ટિફિકેટ. |
| | | ૩) | અરજીફોર્મ ફી તથા ટોકન ફી ભર્યાની પહોંચ અને વેરીફાય થયેલ અરજીફોર્મ. |
| | | ૪) | ત્રણ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ (તાજેતરનો તારીખ વાળો). |
| | | ૫) | ગુજરાત રાજયના વતની હોવા અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોઈ તો). |
| | | ૬) | અનુસુચિત જાતિ/અનુસૂચિત જનજાતિના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| | | ૭) | સા.શૈ.પ.વ. ના ઉમેદવારે સા.શૈ.પ.વ. અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. આ ઉપરાંત "ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ થતાં નથી "તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર (નોન ક્રિમીલેયર સર્ટિફિકેટ) રજૂ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર માન્ય મુદ્દતનું હોવું જોઇએ અન્યથા તેઓને સા.શૈ.પ.વ.ની અનામત બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં. ગુજરાત રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક : સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૨૬/૦૪/૨૦૧૬ ની જોગવાઇ મુજબ. |
| | | ૮) | EWS હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર. |

| | | | |
|---|---|---|---|
| | | ૯) | દિવ્યાંગતા અંગેનું સરકારી હોસ્પિટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર.(જો લાગુ પડતું હોય તો) |
| | | ૧૦) | પારસી જાતીના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર. (જો લાગુ પડતું હોય તો) |
| | | ૧૧) | આંતરરાષ્ટ્રીય/રાષ્ટ્રીય/રાજ્ય કક્ષાએ રમત-ગમતમાં ભાગ લીધેલ હોય અને/અથવા જીતેલ ક્રમાંકનું પ્રમાણપત્ર. (જો લાગુ પડતું હોય તો) |
| | | ૧૨) | સેનાના કર્મચારી/નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર. (જો લાગુ પડતું હોય તો) |
| | | નોંધ: ⁎ જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી માહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે તથા જરૂર જણાયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.<br>⁎ પોલિટેકનિક ખાતે અંતિમ ચકાસણી સમયે જે ઉમેદવારોના પ્રમાણપત્રો ખરા જણાશે તેમનો પ્રવેશ યુનિવર્સિટીમાં માન્ય ગણાશે. | |
| | ૭.૨ | જો ઉમેદવાર એડમીશન મેમોમાં દર્શાવેલ સમય મર્યાદામાં પોલિટેકનિક ખાતે હાજર નહીં થાય તો તેનો પ્રવેશ આપો-આપ રદ થશે. | |
| | ૭.૩ | જે-તે પોલિટેકનિક ખાતે અભ્યાસક્રમનું રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત રહેશે. | |
| | ૭.૪ | જે-તે પોલિટેકનિક ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમમાં હાજર રહેવું ફરજીયાત રહેશે. તેમજ ત્યારબાદ નિયમિતપણે હાજર રહી અભ્યાસક્રમમાં જોડાવવાનું રહેશે. | |
| | ૭.૫ | જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર રજૂ કરવાનાં રહેશે)ના કારણે સમય મર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે ન લાવી શકે તેમ હોય અથવા રૂબરૂમાં હાજર થઇ શકે તેમ ન હોય તો, તે અન્ય કોઇ વ્યકિત મારફતે ઓથોરીટી લેટર આપી, પ્રમાણપત્રો ચકાસણી કરાવી અને ફી ભરી હંગામી રજીસ્ટ્રેશન કરાવી શકશે. હંગામી રજીસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારે કોર્સ શરૂ થયાના એક અઠવાડીયામાં બાકીની કાર્યવાહી પુરી કરવાની રહેશે અન્યથા તેઓનો પ્રવેશ આપો-આપ રદ થશે. | |
| | ૭.૬ | પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે. | |
| | ૭.૭ | પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીને સંબંધિત પોલિટેકનિકના આચાર્યશ્રી દ્વારા અધિકૃત કરેલ ઓળખપત્ર આપવામાં આવશે. જે પોતાની પાસે રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજૂ કરવાનું રહેશે. જો ઓળખપત્ર ખોવાઇ જાય તો જરૂરી ફી ભર્યેથી નવું મેળવી શકાશે. | |
| ૮ | **ખોટા પ્રમાણપત્રો રજૂ કરવાથી પ્રવેશ રદ થવો:** | | |
| | **જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર/ દસ્તાવેજ/માહિતી તેના વિદ્યાશાખાધ્યક્ષ/આચાર્ય દ્વારા પ્રવેશ સમયે અસલ દસ્તાવેજની ચકાસણી દરમ્યાન ખોટી જણાશે તો,** | | |
| | ૧. | **આવા ઉમેદવારનું નામ તે વર્ષની પ્રવેશ કાર્યવાહીમાં કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.** | |
| | ૨. | **ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત કરવામાં આવશે.** | |
| | ૩. | **ભવિષ્યમાં પણ ખોટા દસ્તાવેજો/પ્રમાણપત્રોના આધારે પ્રવેશ મેલવેલ વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હોય તો પ્રવેશ રદ્દ થઈ શકે છે અને કાનુની કાર્યવાહી કરી શકાય છે તે ધ્યાનમાં રાખવાનું રહેશે.** | |

| ૯. ફીનું માળખું: | | | |
|---|---|---|---|
| **૯.૧ (I) કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત (Constituent) પોલિટેકનિકનું ફીનું માળખું:** | | | |
| ક્રમ | ફી / ડીપોઝીટની વિગત | ફી રકમ (રૂ.) | |
| | | ભાઇઓ | બહેનો |
| **(A) તમામ નવા વિદ્યાર્થીઓએ પ્રથમ રજિસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | | |
| ૧ | કોશન મની ડીપોઝીટ | **100** | **100** |
| ૨ | હોસ્ટેલ ડીપોઝીટ | **100** | **100** |
| ૩ | મેસ ડીપોઝીટ | **0** | **0** |
| ૪ | ઇલેક્ટ્રિક ડીપોઝીટ | **100** | **100** |
| ૫ | ઓળખપત્ર ફી | **100** | **100** |
| ૬ | થેલેસેમીયા ટેસ્ટ ફી | **200** | **200** |
| | **TOTAL A** | **600** | **600** |
| **(B) દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| ૧ | મેડીકલ ચેકઅપ ફી | **0** | **0** |
| ૨ | મેગેઝીન ફી | **50** | **50** |
| ૩ | સ્ટુડન્ટ એઈડ ફંડ ફી | **20** | **20** |
| ૪ | જનરલ એમીનિટી ફી | **10** | **10** |
| | **TOTAL B** | **80** | **80** |
| **(C) દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| ૧ | નોંધણી (રજિસ્ટ્રેશન) ફી | **50** | **50** |
| ૨ | શિક્ષણ ફી | **200** | **0** |
| ૩ | લાઈબ્રેરી ફી | **20** | **20** |
| ૪ | પરીક્ષા ફી | **50** | **50** |
| ૫ | જીમખાના ફી | **10** | **10** |
| ૬ | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ફી | **20** | **20** |
| ૭ | પ્રયોગશાળા ફી | **20** | **20** |
| ૮ | હોસ્ટેલ ફી | **50** | **0** |
| ૯ | માર્કશીટ ફી | **100** | **100** |
| | **TOTAL C** | **520** | **270** |
| | **Total A+B+C=** | **1200** | **950** |

નોંધ : ૧. ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થીનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.

૨. ***A (3) માં દર્શાવેલ ફી સ્થાનિક પરિસ્થિતિ મુજબ બદલાશે. જે પોલિટેકનિક ખાતે લેવામાં આવશે.

| ૯.૧ (II) કામધેનુ યુનિવર્સિટી સંલગ્ન (Affiliated) પશુપાલન પોલિટેકનિકો માટે ફીનું માળખું: | | | |
|---|---|---|---|
| ફી /ડીપોઝીટ | | રકમ(રૂ.) (સત્ર દીઠ) | |
| | | ફ્રી સીટ | મેનેજમેન્ટ સીટ |
| **(A) તમામ નવા વિદ્યાર્થીઓએ પ્રથમ રજિસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ** | | | |
| ૧ | કોશન મની ડીપોઝીટ | - | - |
| ૨ | હોસ્ટેલ ડીપોઝીટ | * | * |
| ૩ | મેસ ડીપોઝીટ | # | # |
| ૪ | ઇલેક્ટ્રિક ડીપોઝીટ | @ | @ |
| ૫ | ઓળખપત્ર ફી | 100 | 100 |
| ૬ | થેલેસેમીયા ટેસ્ટ ફી | 200 | 200 |
| | **TOTAL A** | **300** | **300** |
| **(B) દરેક એકી સેમેસ્ટરમાં ચુકવવા પાત્ર ફી** | | | |
| ૧ | મેડીકલ ચેકઅપ ટેસ્ટ ફી | 0 | 0 |
| ૨ | મેગેઝીન ફી | 100 | 100 |
| ૩ | સ્ટુડન્ટ એઈડ ફંડ ફી | 100 | 100 |
| ૪ | જનરલ એમીનિટી ફી | 300 | 300 |
| | **TOTAL B** | **500** | **500** |
| **(C) દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી** | | | |
| ૧ | નોંધણી (રજિસ્ટ્રેશન) ફી | 100 | 100 |
| ૨ | શિક્ષણ ફી | 16000 | 16000 |
| ૩ | લાઈબ્રેરી ફી | 500 | 500 |
| ૪ | પરીક્ષા ફી *** | 500 | 500 |
| ૫ | જીમખાના ફી | 100 | 100 |
| ૬ | સાંસ્કુતિક પ્રવૃત્તિઓની ફી | 200 | 200 |
| ૭ | પ્રયોગશાળા ફી | 1000 | 1000 |
| ૮ | હોસ્ટેલ ફી | ** | ** |
| ૯ | માર્કશીટ ફી *** | 300 | 300 |
| ૧૦ | મેનેજમેન્ટ ક્વોટા સીટ ફી | 0 | 35500 |
| | **TOTAL C** | **18700** | **54200** |
| | **Total A+B+C=** | **19500** | **55000** |

| ૯.૧ | (III) અંગભૂત તથા સંલગ્ન પોલિટેકનિકો માટેની અન્ય પ્રકારની ફી (જરૂરીયાત પ્રમાણે) | | |
|---|---|---|---|
| ૧ | પ્રોવિઝનલ ડિપ્લોમા પ્રમાણપત્ર ફી | 100 | 100 |
| ૨ | ટ્રાન્સક્રીપ્ટ ફી (ફકત છેલ્લા સેમેસ્ટર માટે) | 200 | 200 |
| ૩ | સ્થળાંતર પ્રમાણપત્ર | 200 | 200 |
| ૪ | ડુપ્લીકેટ સ્થળાંતર પ્રમાણપત્ર | 200 | 200 |
| ૫ | ડિપ્લોમા પ્રમાણપત્ર ફી | 500 | 500 |
| ૬ | ડુપ્લીકેટ ડિપ્લોમા પ્રમાણપત્ર | 2000 | 2000 |
| ૭ | પુન: નોંધણી | 2000 | 2000 |
| ૮ | ડુપ્લીકેટ ગુણપત્રક | 1000 | 1000 |
| ૯ | ડુપ્લીકેટ ટ્રાન્સક્રીપ્ટ | 1000 | 1000 |
| ૧૦ | ગ્રેડ વેરીફીકેશન (એક વિષયના) | 200 | 200 |
| ૧૧ | શૈક્ષણિક પ્રમાણપત્રો/દાખલા પ્રમાણિત (એટેસ્ટેડ) કરવા અંગેની ફી | 50 | 50 |
| ૧૨ | નવું ઓળખપત્ર | 30 | 30 |

| નોંધ : | | |
|---|---|---|
| ૧) | -,*,#,@ : A(1,2,3,4) હોસ્ટેલ ડીપોઝીટ, મેસ ડીપોઝીટ તથા ઇલેક્ટ્રિક ડીપોઝીટ સંબંધિત સંસ્થાઓના નિયમ મુજબ રહેશે પરંતુ તમામ ડિપોઝીટ મળી કુલ મર્યાદા રૂ. ૫૦૦૦/- થી વધુ લઈ શકાશે નહી. | |
| ૨) | ** : C (8) હોસ્ટેલ ફી તથા મેસ ફી સંબંધિત સંસ્થાઓના નિયમ મુજબ રહેશે. | |
| ૩) | હોસ્ટેલમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ જ હોસ્ટેલ, ઇલેક્ટ્રિક ડીપોઝીટ તથા મેસ ડીપોઝીટ ભરવાની રહેશે. | |
| ૪) | ***સત્રાંત નિયમિત પરીક્ષા તથા પૂરક/મેકઅપ પરીક્ષાઓની રજીસ્ટ્રેશન, પરીક્ષા, માર્કશીટ, પ્રમાણપત્ર અને ટ્રાન્સક્રીપ્ટ ફી સંલગ્ન સંસ્થાઓએ યુનિવર્સિટીમાં ભરવાની રહેશે. | |
| ૫) | ઉપર જણાવ્યા સિવાય અન્ય કોઈપણ પ્રકારની વધારાની ફી સંલગ્ન સંસ્થા ખાતે ભરવાની રહેશે નહિ. | |
| ૯.૨ | ફી પરત: | |
| | ૧) | જે ઉમેદવારો કોઈ પણ કારણોસર સમયમર્યાદામાં પોતાનો પ્રવેશ રદ્દ કરાવશે તેમને કામધેનુ યુનિવર્સિટીની પ્રવર્તમાન ફી રીફંડ પૉલીસી મુજબ ફી પરત કરવામાં આવશે. |
| | ૨) | **પ્રવેશ રદ તથા ફી પરતના સંજોગોમાં ઉમેદવારે તેમણે પ્રવેશ મળેલ કોલેજના આચાર્યશ્રી મારફત યુનિવર્સિટીને નિયત નમુના મુજબની, જરૂરી આધાર પુરાવાઓ (એડમિશન મેમોની નકલ, એક્નોલેજમેન્ટ લેટરની નકલ, અસલ ફી રસીદ, બેંક ખાતાની વિગત અથવા બેંક પાસબુકના પ્રથમ પાનાની નકલ) સાથે નિયત સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.** |

| | |
|---|---|
| **૧૦** | **ફી જપ્તિ અને પ્રવેશ યાદીમાંથી નામ રદ થવું:** |
| | જો કોઈ ઉમેદવારના પ્રમાણપત્ર, દસ્તાવેજ કે માહિતી ચકાસણી દરમ્યાન, પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કે પ્રવેશ બાદ ખોટી જણાશે તો, આવા ઉમેદવારનો પ્રવેશ રદ થશે અને ઉમેદવાર દ્વારા ભરવામાં આવેલ ફી જપ્ત થશે. |
| **૧૧** | **અભ્યાસક્રમની સામાન્ય માહિતી:** |
| | ૧) તમામ પોલિટેકનિક અભ્યાસક્રમોમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી ભાષા છે. |
| | ૨) જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી જે તે પોલિટેકનિકના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની પોલિટેકનિકમાં કેટેગરી વાઇઝ ઓછામાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે પૂર્ણ સમયના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સક્ષમ અધિકારી દ્વારા છૂટછાટ અપાયેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના દરેક વિદ્યાર્થીએ હોસ્ટેલમાં રહેવું ફરજિયાત છે. |
| **૧૨** | **પ્રવેશ અરજીફોર્મ ભરવા અંગેની પ્રક્રિયા:** |

↓

યુનિવર્સિટીના એડમિશન પોર્ટલ **https://www.kamdhenuuniversity.net** પર આપવામાં આવેલ પ્રવેશ અંગેની માહિતી પુસ્તિકાનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ એડમિશન ફોર્મ ભરવા માટે એડમિશન પોર્ટલની લીંક **https://www.kamdhenuuniversity.net** પર ક્લિક કરો

↓

એડમિશન પોર્ટલ પર ઉમેદવારે ક્વિક રજિસ્ટ્રેશન કરવું ફરજીયાત છે. રજિસ્ટર થવા અંગેની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરવી.
(ઉમેદવારે આપેલ મોબઈલ નં. તથા ઇ-મેઇલ પર ઍપ્લિકેશન ID અને પાસવર્ડ માટે મેસેજ જોવો)

↓

એડમિશન પોર્ટલ પર રજીસ્ટર ઉમેદવારે કામધેનુ યુનિવર્સિટીના ઇ-મેઇલથી મળેલ ઍપ્લિકેશન ID અને પાસવર્ડ દ્વારા એડમિશન પોર્ટલ **https://www.kamdhenuuniversity.net** પર લોગ ઇન કરવું

↓

લોગ ઇન થયા બાદ એડિટ ઍપ્લિકેશન ફોર્મ પર ક્લિક કરવું

↓

જરૂરી વિગતો ચકાસી આગળ વધવું
(એક પછી એક આવતી તમામ માહિતી ધ્યાનથી વાંચી સમજી ઉમેરતા જાઓ)

↓

ત્યારબાદ પ્રવેશ માપદંડની વિગતો ધ્યાનથી ઉમેરો

↓

પત્રવ્યવહારની વિગતો ઉમેરો

↓

શૈક્ષણિક વિગતો ઉમેરી, ચકાસણી કરી આગળ વધવું

↓

ત્યારબાદ માંગ્યા મુજબના જરૂરી તમામ પ્રમાણપત્રો/દસ્તાવેજો અપલોડ કરવા
(અરજી ફોર્મ તથા અપલોડ કરેલા જરૂરી અસલ પ્રમાણપત્રો/દસ્તાવેજોની ચકાસણી ઓનલાઈન જ થશે જેથી ઉમેદવારોએ હેલ્પ સેન્ટર ખાતે રૂબરૂ આવવાનં રહેશે નહીં)

↓

આગળ વધતા ચોઈસ ફીલીંગ કરવું ફરજીયાત છે.
(જે ઉમેદવારોએ ચોઈસ ફીલીંગ કરેલ નથી તેઓના નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી)

↓

ત્યારબાદ સબમીટ ઍપ્લિકેશન પર ક્લિક કરવું

↓

ઍપ્લિકેશન ફોર્મ સબમીટ કરતા પહેલા, આપની ઉમેરેલ માહિતી ચકાસવા પ્રિવ્યુ પર ક્લિક કરવું
(કોઇ માહિતીમાં ખામી જણાય તો પાછા ફરી સુધારો કરવો)

↓

પ્રિવ્યુમા કોઇ ખામી ન જણાય તો સંમતિમાં ટિક કરી આપનુ ફોર્મ સબમીટ કરવું
(ઉમેદવારે આપેલ મોબાઈલ નં. તથા ઇ-મેઇલ પર મેસેજ ચેક કરવો અને મેસેજ મળે તો જ આપની અરજી સબમિટ/અપલોડ થઈ છે તેવું સમજવું)

↓

ફોર્મ સબમીટ થવાની સાથે જ ઓનલાઈન પેમેન્ટ પર ક્લિક કરવું
(નિર્ધારિત ફી (રૂ.૨૦૦/-)નું ઓનલાઈન પેમેન્ટ કરવું અવાશ્યક છે અન્યથા વિદ્યાર્થી પ્રવેશપાત્ર રહેશે નહી)

↓

ઓનલાઈન પેમેન્ટમાં આપના અનુકુળ વિકલ્પથી પેમેન્ટ કરી તેની રિસિપ્ટ મેળવી લેવાની રહેશે.

| | | |
|---|---|---|
| | ૧) | ઉમેદવારે વેબસાઇટ https://www.kamdhenuuniversity.net પર જઈ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. |
| | ૨) | રજીસ્ટ્રેશન બાદ ઓનલાઇન એડમીશન ફોર્મ ભરી અને નિયત અરજી ફી ચુકવવાની રહેશે. એડમીશન ફોર્મમાં માગ્યા મુજબની શૈક્ષણિક અને અન્ય વિગતો ભરી શૈક્ષણિક પ્રમાણપત્રો/દસ્તાવેજોની (સારી ગુણવત્તા ધરાવતી કોપી) સોફ્ટ કોપી (ઓછામાં ઓછી 5 KB અને વધુમાં વધુ 1 MB) અપલોડ કરવાની રહેશે. ઉમેદવારના ફોટો અને સહીની સાઈઝ ઓછામાં ઓછી 5 KB અને વધુમાં વધુ 200 KB રાખવાની રહેશે. જે ઉમેદવાર ૪.૨ અને ૪.૬ મુજબની ન્યુનતમ લાયકાત ન ધરાવતા હોય તેવા ઉમેદવાર અરજી ફોર્મ ભરી શકશે નહી જેની નોંધ લેવા વિનંતી. |
| | 3) | પસંદગીની પોલિટેકનિકોને અગ્રતાક્રમ મુજબ પસંદગીક્રમ (ચોઇસ ફીલીંગ) આપવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| | ૪) | ઉમેદવારે અરજી ફોર્મમાં પોતાના વિસ્તારની નજીકમાં હોય તેવા કોઇ એક હેલ્પ સેન્ટરની પસંદગી કરી શકાશે જ્યાં ઉમેદવાર દ્વારા અપલોડ કરેલ પ્રમાણપત્રોનું ઈ-ચેકિંગ કરવામાં આવશે. હેલ્પ સેન્ટર ખાતેથી ઉમેદવારોને રૂબરૂ બોલાવ્યા સિવાય જવાનું રહેતું નથી. |
| | ૫) | પસંદગી કર્યા બાદ સૂચવેલ અગત્યની તારીખ પ્રમાણે કામચલાઉ મેરીટ બહાર પડશે જેનું વિશ્લેષણ કરી ઉમેદવારે કરેલી અરજીની વિગતોમાં જો કોઈ વિસંગતતા જણાય તો dahadmission@kamdhenuuni.edu.in પર જરૂરી આધાર-પૂરાવાઓ ૪૮ કલાકમાં ઈ-મેઈલથી મોકલી આપવાના રહેશે. આ અંગેની અપડેટ જોવા માટે યુનિવર્સિટીની વેબસાઈટ https://www.kamdhenuuniversity.net ની નિયમિત મુલાકાત લેવાની રહેશે. |
| | ૬) | મેરીટની યાદી કેટેગરીવાઈઝ નિયમોનુસાર તૈયાર કરવામાં આવશે. |
| | ૭) | ઉમેદવારોને પોલિટેકનિક ફાળવણી અંગેની કાર્યવાહી ઓનલાઈન/ઓફલાઈનના માધ્યમથી હાથ ધરવામાં આવશે. જે અંગેની માહિતી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| **૧૩** | **એન્ટી રેગીંગ:** | |
| | યુનિવર્સિટીની તમામ પોલિટેકનિકોમાં એન્ટિ રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઈ વિદ્યાર્થી રેગીંગ કરતો જણાશે તો તેને નિયમોનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થી સામે એફ. આઇ. આર. (FIR) દાખલ કરી શકાશે. રેગીંગનો ભોગ બનનાર વિદ્યાર્થી એન્ટિ રેગીંગ કમિટિના ચેરમેન અથવા જે તે ફેકલ્ટીના ડીનનો સંપર્ક કરી શકશે. | |
| **૧૪** | **વિદ્યાર્થીનીઓને થતી હેરાનગતિ બાબત:** | |
| | વિદ્યાર્થીનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરીયાદ કરવા માટે યુનિવર્સિટીમાં મહિલા ફરીયાદ સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇપણ વિદ્યાર્થી કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે તો તેને નિયમોનુસાર યોગ્ય સજા કરવામાં આવશે. | |
| **૧૫** | **યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ (ફરીયાદ નિવારણ) સેલ** | |
| | વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને કોઇ પણ પ્રકારની ફરીયાદ માટે યુનિવર્સિટી ગ્રીવન્સ રેડ્રેસલ સેલની નીચેની લીંક મુજબની કમિટિને ફરીયાદ કરી શકાશે.<br>https://drive.google.com/file/d/19kNmvBcCfJHQjyv6HDrWmtZ1L1KGWJLQ/view<br>યુનિવર્સિટી કક્ષાએ યુજીસીના ધારાધોરણો મુજબ લોકપાલની નિયુક્તિ કરવામાં આવેલ છે. https://drive.google.com/file/d/1iYJ9K8hCHFWlE9a9_D5UPMpCJyHvhxzz/view | |

| ૧૬ | ડિસ્ક્લેમર: | |
|---|---|---|
| | આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીઓના શિસ્તના નિયમો, ડિપ્લોમા અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઇપણ નિવેદન/માહિતી/વિનિયમો વગેરે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની કે તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીની રહેશે. પ્રવર્તમાન વિનિયમો, તેને બદલવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાર્થીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થી કે અન્ય વ્યક્તિને કોઈ ખર્ચ થાય કે કંઇપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં. | |
| | ***નોંધ :*** | |
| | ***(૧)*** | ***પ્રવેશ અરજી ફોર્મ ફી નોન રીફંડેબલ છે.*** |
| | ***(૨)*** | ***ઉમેદવારો દ્વારા પ્રવેશ અરજીફોર્મ ભરતી વખતે જે મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ આપવામાં આવેલ હોય તે બદલવાના રહેશે નહી. પ્રવેશ પ્રકિયાની માહિતી ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ એડ્રેસ પર જ મોકલવામાં આવશે, અન્ય કોઈ માધ્યમથી પ્રવેશ અંગેની માહિતી મોકલવામાં/આપવામાં આવશે નહી. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.*** |
| | ***(૩)*** | ***એડમિશન અંગેની અદ્યતન માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ https://www.kamdhenuuniversity.net ની મુલાકાત લેતા રહેવી. એડમિશનની તમામ માહિતી ઓનલાઈન દર્શાવવામાં આવશે. વધુમાં, ઉમેદવારોને ઓનલાઈન ફોર્મ ભરતી વખતે જો કોઈ મુશ્કેલી પડતી હોય તો એપ્લિકેશન આઈ.ડી., પાસવર્ડ, ઉમેદવારનું નામ, મોબાઈલ નંબર તથા પડતી મુશ્કેલીની સંપૂર્ણ વિગતો સાથે dahadmission@kamdhenuuni.edu.in પર ઈ-મેઈલ કરવો. જેથી આપની મુશ્કેલીનું નિવારણ લાવી શકાય.*** |

***

## ૧૭. ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમ ડિપ્લોમા ઈન એનીમલ હસબન્ડરીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના પોલિટેકનિક મુજબ કેટેગરી પ્રમાણેના કટઓફ મેરીટની વિગત

| ક્રમ | પોલિટેકનિકનું નામ | બેઠકનો પ્રકાર | જનરલ (Gen) | આર્થીક રીતે નબળા વર્ગ (EWS) | અનુસૂચિત જનજાતિ (ST) | અનુસૂચિત જાતિ (SC) | સા.શૈ.પ.વ. (SEBC) | અન્ય બોર્ડ (Other Board) | સેનાના કર્મચારી/ એક્સ આર્મી મેન | દિવ્યાંગ જન (PWD) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | પશુપાલન પોલિટેકનિક, રાજપુરા (નવા), હિંમતનગર | ફ્રી | 70.80 | 68.60 | 72.00 | 72.40 | 67.80 | 55.80 | - | - |
| ૨ | પશુપાલન પોલિટેકનિક, જૂનાગઢ | ફ્રી | 70.00 | 62.80 | 55.60 | 71.20 | 76.40 | 60.60 | - | 42.40 |
| ૩ | પશુપાલન પોલિટેકનિક, નવસારી | ફ્રી | 65.20 | 66.20 | 69.20 | 72.00 | 59.80 | 56.00 | - | - |
| ૪ | પશુપાલન પોલિટેકનિક, સરદારકૃષિનગર | ફ્રી | 73.40 | 68.80 | 67.80 | 72.60 | 64.40 | 81.00 | - | 69.60 |
| ૫ | પશુપાલન પોલિટેકનિક, મુ.ખડસલી, જી.અમરેલી | ફ્રી | 54.40 | 59.40 | 57.40 | 62.40 | 57.80 | - | - | - |
| | | મેનેજમેન્ટ | 41.20 | | | | | | | |
| ૬ | રિધ્ધી પશુપાલન પોલિટેકનિક, મોતીપુરા, હિંમતનગર | ફ્રી | 46.80 | 43.80 | 38.20 | 68.00 | 46.60 | 59.00 | - | - |
| | | મેનેજમેન્ટ | 42.60 | | | | | | | |
| ૭ | કેશવમ પશુપાલન પોલિટેકનિક, મુ.છાપી, જી. સાબરકાંઠા | ફ્રી | 41.80 | 46.60 | 52.20 | 66.00 | 60.80 | 48.00 | - | - |
| | | મેનેજમેન્ટ | 40.00 | | | | | | | |
| ૮ | વૃંદાવન પશુપાલન પોલિટેકનિક, મુ.જસદણ, જી. રાજકોટ | ફ્રી | 44.60 | 55.60 | 40.00 | 40.00 | 54.00 | 54.80 | - | - |
| | | મેનેજમેન્ટ | - | | | | | | | |
| ૯ | જી.વી.એમ. પશુપાલન પોલિટેકનિક, મુ.અણીયાદ, તા.શહેરા, જી. પંચમહાલ | ફ્રી | 37.60 | 40.00 | 53.60 | 52.40 | 54.00 | - | - | - |
| | | મેનેજમેન્ટ | - | | | | | | | |
| ૧૦ | નવસર્જન પશુપાલન પોલિટેકનિક, મુ.રણછોડપુરા, તા.વિજાપુર, જી. મહેસાણા | ફ્રી | 41.80 | 60.40 | 45.00 | 66.60 | 58.60 | 47.80 | - | - |
| | | મેનેજમેન્ટ | 43.00 | | | | | | | |
| ૧૧ | નોબલ પશુપાલન પોલિટેકનિક, જૂનાગઢ | ફ્રી | 60.00 | 42.80 | - | 53.20 | 56.40 | 51.20 | - | - |
| | | મેનેજમેન્ટ | 42.00 | | | | | | | |
| ૧૨ | ભરતીઆ પશુપાલન પોલિટેકનિક, સુરત | ફ્રી | 55.60 | 51.20 | 59.20 | 57.20 | 50.00 | - | - | - |
| | | મેનેજમેન્ટ | 41.40 | | | | | | | |

- નોંધ : ઉક્ત કટઓફ માર્કસ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ના છે. જે ફકત વિદ્યાર્થીઓ/વાલીઓની જાણ માટે છે. ચાલુ શૈક્ષણિક વર્ષમાં સદરહુ માર્કસમાં ફેરફાર થવાની શક્યતા છે.

# આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો

(Appendix to Resolution of Social Justice and Empowemnent Department Dt.25/1/2019 No.EWS/122019/45903/A)

## Annexure-KH

Certificate No:.....................

Photo

**Gorernment of Gujarat**

**Eligibility Certificate For Economically Weaker Sections**
(Only for the purpose of EWS reservation under Gujarat State)

This is to certify that Shri / Smt / Kumari ......................................................................
is the son / daughter / ward of ..............................................................................
He / She is the Resident of Village / City ....................................................................
Taluka / Tehsil .............................................. District. ..............................................
and he / she belongs to ......................... caste / class / Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes / Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No.EWS/122019/45903/A, Dt.23/01/2019 his / her gross famuly annual income from all sources is Rs................... which is less than Rs. 8,00,000/- therefore it is further certified that he / she is within category of Economically Weaker Sections.

Place : Signature :

Date : Name :

Designation :

This Certificate has been issued on the basis of following proof / evidences / documents.

1.

2.

3.

# આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો

(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ ઈ.ડબલ્યુ.એસ../૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ નું બિડાણ)

## પરિશિષ્ટ-ગ

પ્રમાણપત્ર ક્રમાંકઃ .........................

પાસપોર્ટ સાઈઝનો ફોટો

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો**
(ફક્ત ગુજરાત સરકાર હેઠળના અનામતના હેતુ માટે)

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી / શ્રીમતી / કુમારી ........................................................ શ્રી .................................................................................... ના પુત્ર / પુત્રી / પાલ્ય છે. તેઓ ગામ / નગર ................................. તાલુકો ......................... જિલ્લો ......................... ના રહેવાસી છે. તેઓ .............................. જાતિ પૈકીના છે કે જેનો અનુસૂચિત જાતિઓ અથવા અનુસૂચિત જન જાતિઓ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો / અન્ય પછાત વર્ગોમાં સમાવેશ થતો નથી.

૨. વધુમાં પ્રમાણિત કરવામાં આવે છે કે ગુજરાત સરકારના, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકઃ ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ અન્વયે ઠરાવેલા ધોરણો મુજબ તેમના / તેણીના કુટૂંબના બધા સ્ત્રોત મળીને થતી કુલ વાર્ષિક આવક રૂા. ............................ છે, જે રૂા. ૮.૦૦ લાખ કરતાં ઓછી હોવાથી તેનો / તેણીનો આર્થિક રીતે નબળા વર્ગોમાં સમાવેશ થાય છે.

| | |
|---|---|
| સ્થળ : | સહી : |
| તારીખ : | નામ : |
| (કચેરીનું રાઉન્ડ સીલ) | (કચેરીના સિક્કા સહિત) |

રજુ કરેલ આધારો :

૧.

૨.

૩.

પરિશિષ્ટ-ક : દિવ્યાંગજન કેટેગરીના ઉમેદવાર માટે મેડીકલ સર્ટિફિકેટનો નમૂનો

Candidates photo with round seal of Hospital

# *Medical Certificate for Persons with Disability Candidate*

FORM OF CERTIFICATE FOR PERSONS WITH DISABILITY CANDIDATE FOR ADMISSION TO FIRST YEAR COURSES IN KAMDHENU UNIVERSITY OF GUJARAT STATE

**AFTER 10TH (S.S.C.)**

1. Full Name of Candidate :
2. O.P.D. Case No. :
3. (a) Nature of disability :
   (to be mentioned in the square on the right side)
   POLIO, CEREBRAL PALSY, HEMIPLEGIA, QUADRUPLEGIA, AMPUTATIONS, PARAPLEGIA CONGENITAL & AQUIRED DEFORMITY VISUAL IMPAIRED, HEARING IMPAIRED OTHERS

   (b) Any disability in upper limbs? Yes / No

   (c) Extent of disability :
   (to be mentioned in box on the right side) BELOW 40% / 40% to 50% / 50% to 70% / ABOVE 70%

   **Note:** A Candidate shall not be admitted to Diploma level course of Kamdhenu University of Gujarat if he/she suffers from the following disabilities, namely:

   (a) Disability of total body including disability of chestorspine more than 50 %
   (b) Disability of lower limb of more than 50%
   (c) Disability of upper limb
   (d) Visually handicapped candidates and those with hearing disability
   (e) Candidates with progressive diseases like myopathies etc.
   (f) Disabilities which otherwise would interfere in the performance of the duties in concerned course.

4. Despite the disability whether the candidate is fit to undergo Diploma level courses of Kamdhenu University of Gujarat YES / NO
   (Please state YES or NO in the square on the right side.)

I certify that Shri/kum ________________________________________________ has been examined by me Dr.________________ Designation _______________ on Dt.___/___/20___, and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Diploma level courses of Kamdhenu University of Gujarat.

Outward No.:
Date:

STAMP

Signature of Competent Authority of
Govt. Hospital (District or State level)

Round seal

Countersigned by Medical Superintendent /
Civil surgeon of Govt. Hospital (District or State level)

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની માહિતી માટે સ્કેન કરો

***Scan QR Code for information of Courses offered by Kamdhenu University***

**અદ્યતન માહિતી માટે https://www.kamdhenuuniversity.net વેબસાઈટની મુલાકાત લેવી**


કામધેનુ યુનિવર્સિટી
કર્મયોગી ભવન, બ્લોક-૧, વીંગ-બી૧, ચોથો માળ,
સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૯